**મોક્ષમાર્ગ રહસ્ય પ્રકાશક નિષ્કારણ કરુણામૂર્તિ**
**મુમુક્ષુજીવોના પરમ હિતસ્વી જિનવાણી મર્મજ્ઞ**
**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના**
**૮૮મા જન્મજયંતિ મહોત્સવ પ્રસંગે**
**કોટી કોટી વંદન !!**



નિશ્ચય રત્નત્રય પ્રાપ્ત, પરમાગમ–સુધાના રહસ્યજ્ઞ, જિનમાર્ગ પ્રતિ અખંડ નિષ્ઠાવાન, જેમની નિષ્કારણ કરુણાને નિત્ય સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, મોહસ્વંયભૂરમણ સમુદ્રને ભુજાએ કરી તરી ગયા, એવા હે પ્રખર પુરુષાર્થના સ્વામી! ભાવ અપ્રતિબદ્ધપણે વિચરનારા. આપના પ્રત્યે અચળ પ્રેમ અને સમ્યક્ પ્રતીતિ હો, એ ભાવનાસહિત આપના ચરણોમાં ભક્તિ–પુષ્પ અર્પણ કરીએ છીએ!

– 'સ્વાનુભૂતિપ્રકાશ' પરિવાર

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૬ : અંક–૨૭૬, વર્ષ–૨૪, ડિસેંબર–૨૦૨૦

**અષાઢ વદ ૬, શનિવાર, તા.૯–૦૭–૧૯૬૬, યોગસાર ઉપર**
**પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૮૦ પ્રવચન–૩૦**

'આત્મ રમણતામાં તપ-ત્યાગાદિ બધું સમાઈ જાય છે.' લ્યો!

**अप्पा दंसणु णाणु मुणि, अप्पा चरणु बियाणि।**
**अप्पा संजमु सील तउ, अप्पा पच्चक्खाणि।।८१।।**

આ શ્લોક તો આપણે 'સમયસાર'માં, 'નિયમસાર'માં આવે છે. '**આત્માને જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન જાણો.**' સમ્યગ્દર્શન કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ વિકલ્પ એ કોઈ સમ્યગ્દર્શન નથી. આહાહા..! આત્માને સમ્યગ્દર્શન (જાણો). ભગવાનઆત્મા પૂર્ણ અનંત શુદ્ધભાવથી ભરેલો આત્મા, તેની અંતર્મુખ થઈને દૃષ્ટિ નિર્વિકલ્પ પ્રતીત કરવી તે આત્મા જ સમ્યગ્દર્શન છે, આત્મા જ સમ્યગ્જ્ઞાન છે. શાસ્ત્રનું જ્ઞાન આદિ વ્યવહાર સમ્યગ્જ્ઞાન (છે). આ નિશ્ચય (સમ્યગ્જ્ઞાન), આત્માનું જ્ઞાન. આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ સ્વરૂપ છે, તેનું અંતરમાં જ્ઞાન કરવું તેનું નામ સમ્યગ્જ્ઞાન છે અને તે સમ્યગ્જ્ઞાન આત્મા છે.

'**આત્માને જ સમ્યક્ચારિત્ર સમજો.**' આત્મામાં નિર્વિકલ્પ ચારો ચરવો, 'નિર્વિકલ્પ ઉપયોગમાં નહિ કર્મનો ચારો' એવું આવે છે. 'યશોવિજય'. સમજ્યા? ભગવાનઆત્મા પુણ્ય-પાપના રાગથી હટીને પોતાના પૂર્ણ શુદ્ધ સ્વરૂપમાં એકાકાર થઈ નિર્મળતા, વીતરાગતાની પર્યાય પ્રગટ કરવી તે ચારિત્ર (અને) તે આત્મા છે. કહો, સમજાણું?

'મુંબઈ'માંથી નીકળવું હાલાહાલ થતું હશે ને? પણ આ નગરીમાંથી નીકળીને જાવું છે ક્યાં એની એને ખબર છે? આત્મસ્થિતિ અહીં દેહની પૂરી થઈ જાય, ક્યારે થશે એની એને ખબર છે? સ્થિતિ તો પૂરી થઈ જવાની. ફડાક દઈને અંદરથી નીકળશે. એની ચિંતા કરને! નગરીમાં ન્યાં ક્યાં પડ્યો છો? ભગવાનઆત્મા દેહ છોડીને ચાલ્યો જશે. ક્યાં જાશે?

ભગવાનઆત્મા હું શુદ્ધ સ્વરૂપ પરમાનંદ છું, એવી પ્રતીતિ કરી સ્વરૂપમાં લીન થવું તેનું નામ સાચું ચારિત્ર છે, તે આત્મા છે. તે ચારિત્ર છે. નગ્નપણું ચારિત્ર નથી. અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ છે તે ચારિત્ર નથી. અઠ્યાવીસ મૂળગુણ પાળવા એ ચારિત્ર નથી, એ તો રાગ છે. વ્યવહાર ચારિત્ર કહે છે, ક્યારે? જો નિશ્ચયચારિત્ર હોય તો. પોતાનું શુદ્ધ સ્વરૂપ ચારિત્રમય છે, શાંત વીતરાગ સ્વરૂપ છે તેમાં દૃષ્ટિ લગાવી સ્થિર થવું તે ચારિત્ર આત્મા જ છે. કેમકે આત્મા સાથે એ નિર્મળ પર્યાય અભેદ થઈ. મહાવ્રતના રાગાદિ ઉત્પન્ન થાય છે તે તો ભેદ થયો. રાગ ભેદ પડે છે, તે સાચું ચારિત્ર નથી.

'**આત્મા જ સંયમ છે,...**' લ્યો, સમજાય છે

કાંઈ? એની વ્યાખ્યા પછી કરશે, હોં! આત્મા **'શીલ છે,...'** અને આત્મા **'તપ છે.'** આત્મા તપ છે. અને **'આત્મા જ પ્રત્યાખ્યાન અથવા ત્યાગ છે.'** લ્યો! આત્મા જ પ્રત્યાખ્યાન, ત્યાગ છે. એ આપણે અહીં વિસ્તારથી આવી ગયું છે.



**'આત્માના સ્વભાવમાં રમણતા થતાં જ બધાય મોક્ષના સાધન નિશ્ચયનયથી પ્રાપ્ત થઈ જાય છે.'** (ભાવાર્થની) પહેલી લીટી. ભગવાનઆત્મા પૂર્ણાનંદ સ્વરૂપ શુદ્ધ ધ્રુવ શાશ્વત વસ્તુમાં રમણતા થતાં પોતાના શુદ્ધ સ્વભાવમાં લીનતા, રમણતા થતાં જ **'બધાય મોક્ષના સાધન નિશ્ચયનયથી...'** યથાર્થપણે **'પ્રાપ્ત થઈ જાય છે.'** તે સિવાય મોક્ષનું સાધન બીજા કોઈથી થતું નથી.

**'વ્યવહારનયથી દેવ-શાસ્ત્ર-ગુરુ અને જીવાદિ સાત તત્ત્વોનું શ્રદ્ધાન સમ્યગ્દર્શન છે.'** વિકલ્પ, શુભરાગ. વ્યવહારનયથી, હોં! દેવ-ગુરુ-શાસ્ત્રનું શ્રદ્ધાન, સાત તત્ત્વોનું (શ્રદ્ધાન). **'નિશ્ચયથી તે આત્માનો જ નિજ ગુણ છે. જ્યાં શ્રદ્ધા અને રુચિ સહિત આત્મામાં સ્થિરતા કરવામાં આવે છે...'** જોયું? સ્થિરતા કરવામાં આવે, એમ લીધું. **'ત્યાં જ ભાવનિક્ષેપરૂપ યથાર્થ પરિણમનશીલ સમ્યગ્દર્શન છે.'** છે ને, એટલી સ્થિરતા નથી? ઠીક લખ્યું છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, સાત તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા તો શુભરાગરૂપ છે. આત્મા પોતાનો નિર્મળાનંદ પ્રભુ શુદ્ધ સ્વભાવે છે તેની શ્રદ્ધા, રુચિનું થવું અને તેમાં પરિણમન નિશ્ચય, ભાવનિક્ષેપથી નિર્મળાનંદનું પરિણમન થવું તેનું નામ ભગવાન સમ્યગ્દર્શન કહે છે. તે સમ્યગ્દર્શન જ આત્મા છે. આત્માથી તે નિર્મળ પર્યાય ભિન્ન નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ તો નિર્મળ પર્યાયથી ભિન્ન વિકલ્પ છે, રાગ છે.

**'વ્યવહારમાં આગમજ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે...'** વ્યવહારથી શાસ્ત્રનું જ્ઞાન. **'નિશ્ચયથી જ્ઞાનમાં પોતાના આત્માના શુદ્ધ સ્વભાવનું ઝળકવું તે જ સમ્યગ્જ્ઞાન છે.'** નિશ્ચય યથાર્થતામાં પોતાના જ્ઞાનમાં પોતાના આત્માનો શુદ્ધ સ્વભાવ ઝળકવો (તે સમ્યગ્જ્ઞાન છે). શુદ્ધ સ્વભાવનું ભાન અંદર જ્ઞાનમાં થવું તેનું નામ સમ્યગ્જ્ઞાન છે.

**'વ્યવહારમાં સાધુ કે શ્રાવકના મહાવ્રત અથવા અણુવ્રતરૂપ આચરણ તે વ્યવહાર ચારિત્ર છે.'** વ્યવહાર ચારિત્ર, હોં! **'નિશ્ચયથી વીતરાગભાવ જ સમ્યક્ચારિત્ર છે.'** નિશ્ચય પોતાના શુદ્ધ સ્વરૂપમાં રમણતા કરવી, એવા નિર્વિકલ્પ આનંદનો અનુભવ થવો તે ચારિત્ર સાચું છે. સાથે પંચ મહાવ્રતના વિકલ્પ આદિ હોય તે વ્યવહાર ચારિત્ર, ઉપચાર ચારિત્ર છે. **'વ્યવહારમાં પાંચ ઈન્દ્રિય અને મનનો નિરોધ તે ઈન્દ્રિયસંયમ અને પૃથ્વીકાયાદિ છ પ્રકારે પ્રાણીઓની રક્ષા તે પ્રાણીસંયમ છે.'** તે વ્યવહાર છે, વિકલ્પ છે. **'નિશ્ચયથી પોતાના જ શુદ્ધ સ્વભાવમાં પોતાને સંયમરૂપ રાખવો, બહાર ક્યાંય પણ રાગદ્વેષ ન કરવા તે આત્માનો ધર્મ સંયમ છે.'** અહીં તો આત્મા, આત્મા વાત કરી છે ને!

**'વ્યવહારે મન, વચન, કાય, કૃત, કારિત,**

**અનુમોદિત એ નવ પ્રકારે કામ વિકાર ટાળીને શીલ પાળવું તે બ્રહ્મચર્ય છે.'** એ પણ વ્યવહાર બ્રહ્મચર્ય. વિકલ્પ છે ને! મનથી, વાણીથી, કાયાથી બ્રહ્મચર્ય (પાળે) તે વિકલ્પ, શુભરાગ છે. '**નિશ્ચયથી બ્રહ્મસ્વરૂપ આત્મામાં જ ચાલવું તે નિશ્ચય બ્રહ્મચર્ય છે.'** નિશ્ચય બ્રહ્મચર્ય તો પોતાનો બ્રહ્માનંદ ભગવાન, બ્રહ્મ નામ આનંદ, તેમાં ચરવું, લીન થવું તેનું નામ બ્રહ્મચર્ય છે. અતીન્દ્રિય આનંદસ્વરૂપમાં લીન થવું તે બ્રહ્મચર્ય છે. બધા અર્થોમાં ફેર. વ્યવહાર અને નિશ્ચયના બધા અર્થોમાં ઘણો ફેર પડી ગયો છે. લોકો તો (એમ કહે છે), વ્યવહાર તે જ સાધન છે, તે જ સાધન છે. 'મખ્ખનલાલજી'. 'એ સાધનશ્રાવક, મુનિના વ્રતાદિ સાધન (છે), તેનાથી મુક્તિનો માર્ગ છે. તેને તો 'સોનગઢ' કહે છે કે, પુણ્યબંધનું કારણ છે.' 'સોનગઢ' કહે છે કે ભગવાન કહે છે? ભગવાન કહે છે, પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ આ શું કહે છે? જુઓને આ! 'યોગીન્દ્રદેવ' મુનિ (કહે છે). કેટલા વર્ષ થયા? હજાર-બારસો વર્ષ પહેલા (થયા). સમજાય છે?

'યોગીન્દ્રદેવ' મહા નગ્ન મુનિ દિગંબર વનવાસી સાધુ કહે છે કે, પંચમ આરામાં પણ ચારિત્ર તો દર્શન, જ્ઞાન તેને કહે છે, પોતાના શુદ્ધ ભગવાનઆત્માની પ્રતીત, અનુભવ અને તેમાં સ્થિરતા થાય તેને દર્શન, જ્ઞાન, ચારિત્ર કહે છે. વ્યવહાર તો જાણવા લાયક છે, વસ્તુ નથી. શું કહે છે અહીંયાં? '**अप्पा दंसणु णाणु मुणि, अप्पा चरणु बियाणि**' આત્મા, આત્મા ને આત્મા પોકાર કરે છે. ખબર નથી એને કે પાંચમા આરામાં આવા જીવો પાકશે? માર્ગ તો આ છે. સમજાય છે કાંઈ? 'પરમાત્મ પ્રકાશ'માં કેવું લખ્યું છે! આગળ કહેશે, મેં મારા... પહેલા કીધું કે, ભવ્ય જીવોને સંબોધન અર્થે કહ્યું છે. પછી (કહેશે), મારી ભાવના માટે મેં બનાવ્યું છે. મારી ભાવના માટે મેં બનાવ્યું છે, છેલ્લે કહેશે. ઠીક! પોતે કહે છે, મને તો એ ઘોલન ચાલે છે તે મેં બનાવ્યું છે. સમજાણું કાંઈ?

'**વ્યવહારથી બાર પ્રકારનું તપ...**' પાળવું. એ શુભ વિકલ્પ (છે), બાહ્ય વ્યવહાર તપ. '**નિશ્ચયથી આત્માના શુદ્ધ સ્વરૂપમાં તપવું...**' કહો, સમજાય છે કાંઈ? એક આત્મા.. આત્મા. પણ આત્મા સિવાય બીજું હોય શું? અનાત્મામાં ધર્મ થાય છે? પુણ્ય-પાપના પરિણામ તો અનાત્મા છે. દેહની ક્રિયા, વાણીની ક્રિયા તો જડ છે, અજીવ છે, શું તેમાં ધર્મ થાય છે? ભગવાનઆત્મા... સમજાય છે? ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. નીરખે ધ્રુવનો તારો. ભગવાન શાશ્વત ચૈતન્ય ધ્રુવની અંદર લીન થવું તે જ આત્માનું તપ કહેવાય છે. એ તપ છે. બાકી બધું વ્યવહાર તપ કહેવાય અથવા લાંઘણ કહેવાય.

'**આત્મિક ભાવમાં પ્રકાશ પામવા માટે આ તપ સહાયક છે.'** આ ઈચ્છા, શુદ્ધ સ્વરૂપમાં રમવું, હોં! '**તપસ્વી, યોગીને માટે ઉચિત છે કે ઇન્દ્રિયદમન અને મન, વચન, કાયની શુદ્ધિ માટે ઉપવાસ કર્યા કરવા...**' એ તો વ્યવહારની વાત છે. '**માત્રાથી ઓછું ભોજન લેવું, જેથી ધ્યાન, સ્વાધ્યાયમાં પ્રમાદ ન થાય.'** (પછી) બાર પ્રકારના તપની વ્યાખ્યા કરી છે. સમજાણું? વ્યવહારની (વાત કરી છે). એ પણ અર્થ કર્યા છે, બાર પ્રકારના તપની વ્યાખ્યા કરી છે.

'**અંતરમાં વિભાવોથી અને બહારમાં શરીરાદિ પર વસ્તુઓથી વિશેષ મમતાનો ત્યાગ તે બ્રહ્મચર્ય તપ છે.'** અંતરંગ વિકાર, વિભાવના વિકલ્પથી બહારમાં શરીરાદિ પર વસ્તુઓથી વિશેષ મમતાનો ત્યાગ કરવો તે બ્રહ્મચર્ય તપ છે. તપના ભેદ છે ને, તપના? '**ધર્મધ્યાનનો એકાંતમાં અભ્યાસ કરવો ધ્યાનતપ છે. આ બાર પ્રકારના તપમાં વર્તતા પોતાના આત્માનો પ્રકાશ કરવો તે જ નિશ્ચયતપ છે.'** લ્યો, એ અનશન આદિ બધું એમાં થોડું થોડું લઈ લીધું છે. સમજાણું?

'**પોતાના આત્માને સર્વ પર દ્રવ્યથી અને પરભાવોથી ભિન્ન અનુભવવો તે નિશ્ચય પ્રત્યાખ્યાન છે. અભિપ્રાય એ છે કે જ્યારે આ ઉપયોગ પોતાના જ આત્માના શુદ્ધ સ્વરૂપમાં લીનતા કરીને સ્વાનુભવમાં રહે છે ત્યારે જ વાસ્તવમાં રત્નત્રય સ્વરૂપ મોક્ષમાર્ગ છે. તપ જ**

**જો કે સંયમ છે, શીલ છે, પ્રત્યાખ્યાન છે માટે આત્મસ્થ રહેવું યોગ્ય છે.'** એ દરેકનું વ્યવહાર, નિશ્ચય ઉતાર્યું છે. દાખલો આપ્યો છે, જુઓ! 'સમયસાર'નો આધાર (આપ્યો છે). 'કુંદકુંદાચાર્યદેવ' પણ આમ કહે છે.

**आदा खु मज्झ णाणे, आदा मे दंसणे चरित्ते य।**
**आदा पच्चक्खाणे आदा मे संवरे जोगे।।१८।।**

'કુંદકુંદાચાર્યદેવ' કહે છે, '**નિશ્ચયથી મારા જ્ઞાનમાં,...**' આત્મા છે. વિકલ્પમાં આત્મા છે એમ નહિ. જ્ઞાન, જ્ઞાનસમ્યગ્જ્ઞાનમાં મારો આત્મા જ સમીપ છે, મારા સમ્યગ્જ્ઞાનમાં આત્મા જ સમીપ છે. મારા દર્શનમાં આત્મા જ સમીપ છે, ચારિત્રમાં આત્મા જ સમીપ છે. અને '**જ્યારે હું રત્નત્રયમાં રમણતા કરું છું ત્યારે આત્માની પાસે પહોંચું છું.**' સમજાય છે કાંઈ? '**ત્યાગભાવમાં રહેવું એ પણ આત્મામાં રહેવું છે.**' પચ્ચખાણ કર્યા ને, પચ્ચખાણ? '**આસ્રવભાવના નિરોધરૂપ સંવર ભાવમાં અથવા એકાગ્ર યોગાભ્યાસમાં પણ આત્મા જ સન્મુખ રહે છે.**' લ્યો! એ '**आदा मे संवरे जोगे**' આપણે વ્યાખ્યા આવી ગઈ છે.



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૧૯૧ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૧૭-૩-૧૯૮૩,**
**પ્રવચન નં. ૭૩**
**(વિષય : માર્ગદર્શન)**

**બહારની વિપદા એ ખરેખર વિપદા નથી. બહારની સંપદા એ સંપદા નથી. ચૈતન્યનું વિસ્મરણ તે જ મોટી વિપદા છે, ચૈતન્યનું સ્મરણ ખરેખર સાચી સંપદા છે. ૧૯૧.**

અહીંયા ગુરુદેવશ્રી કહે છે કે, ભાઈ ! એ (બહારની) વિપદા તે ખરેખર વિપદા નથી અને (બહારની) સંપદા તે ખરેખર સંપદા નથી. તો એ (સંપદા અને વિપદા) છે શું? આ એક પ્રશ્ન થાય એવો છે. આ તો 'નથી' એમ કહ્યું. નાસ્તિ અર્પિત કરી છે એમાંથી અનર્પિત શું છે? આ કાઢવું જોઈએ કે નહિ? અર્પિતપણે નાસ્તિ મૂકી છે કે આમ નથી, આમ નથી, આમ નથી. આમ નથી તો છે શું? (તો કહે છે) કે જે કોઈ પ્રકારો અનુકૂળતાઓના છે અને જે કોઈ પ્રકારો પ્રતિકૂળતાઓના છે, તે તમામ જ્ઞાનનું જ્ઞેય છે. વીતરાગભાવમાં એટલે કે સામ્યભાવમાં બન્ને સરખા જણાય છે. સરખા જણાય તેને સામ્ય કહે છે ને? અત્યારે તો મોટો જબરજસ્ત આખો સામ્યવાદ દુનિયાનો ઊભો છે! સામ્યવાદનો તો ઝઘડો છે.

સામ્યવાદી લોકો એમ કહે છે કે આ ધર્મની અંધશ્રદ્ધાએ—એટલે કે જેને ધર્મ—રિલીજીયન કહેવામાં આવે છે, એણે દુનિયાનો સર્વનાશ કર્યો છે! ધર્મિષ્ઠ લોકોએ દુનિયાનો સર્વનાશ નોતર્યો છે! મોસ્કો ની દિવાલ ઉપર બહુ મોટા અક્ષરે એ વાત લખી છે. મોસ્કોમાંથી નીકળ્યું છે ને એ? કેમકે એની અંદર એ લોકો એમ વિચારે છે કે ભાઈ, કોઈ ઊંચા-નીચા હોય તો પૂર્વ પુણ્યને લઈને છે. પૈસાવાળા એના પૂર્વ પુણ્યને લઈને પૈસાવાળા છે. (ઊંચુ-નીચું) એવું બિલકુલ ન ચાલે. બધાં જ સરખા જોઈએ, બધાંની સંપત્તિ સરખી જોઈએ, બધાના સંયોગો સરખા જોઈએ. બધાંના મોઢાં પણ સરખા જોઈએ, એવું નહિ? બધાંના દીકરાં-દીકરી, કુટુંબ-પરિવાર સરખાં જોઈએ, એવું કાંઈ નહિ ! એકલા પૈસા જ સરખા જોઈએ તે જ સામ્યપણું? પણ એવી એક કલ્પના કરી છે.

એના (સામ્યવાદના) એક નેતા - પ્રખર માણસ મળી ગયાં હતાં, મેં કીધું, આવું તમે ધર્મને માટે વિચારો છો (તો) એકાદો પ્રશ્ન પૂછવાનો વિચાર છે કે આવું (ધર્મને) માનવાવાળાને તમે અંધશ્રદ્ધાળુ કહો છો! પણ અમે તો એમ કહીએ છીએ, ધર્મના ક્ષેત્રમાં રહેલાં એવા અમે તો એમ કહીએ છીએ કે, જે જગતની દોડ જડ રજકણના અનુકૂળ ગણાતાં પર્યાયો પાછળ, એની પ્રાપ્તિ પાછળ—એના એચિવમેન્ટ પાછળ, શ્રદ્ધા ધરાવે છે કે આમાં સુખ છે, એ પંદરસો વર્ષ પહેલાં યજ્ઞ કરીને, પ્રાણીઓનો વધ કરીને હોમ-હવન કરનારા અંધશ્રદ્ધાળુઓ જેટલાં જ અંધશ્રદ્ધાળુ છે! ઠીક! પહેલાં તો એને પંદરસો વર્ષ પાછળ મૂક્યાં! બુદ્ધિશાળી માણસ હતાં. બુદ્ધિમાં તેજસ્વી માણસ હતો એટલે એમ (થયું કે) આને થોડો ફટકો મારવા દ્યો! માથામાં કોઈ હથોડો મારે ને! એમ કીધું કે તમે લોકો ૧૫૦૦ વર્ષ પહેલાં અંધશ્રદ્ધામાં એ પ્રક્રિયા

ચાલતી કે વરસાદ લાવવો છે (તો) કરો, યજ્ઞ કરો અને એની અંદર બકરાંને, પાડાને, પશુને બધાંને હોમ કરો એટલે ઉપર વરૂણઈન્દ્ર છે એ પ્રસન્ન થાશે અને ઉપરથી વરસાદને મોકલશે! એ વાત જેટલી બાલિશ અને મૂર્ખાઈ ભરેલી હતી, એટલી જ આ વાત બાલિશ છે ! (એ કહે) તમે આ વાત ભારે કરી! ઈ (અંધશ્રદ્ધાળુ) કેવી રીતે? મેં કીધું, (તમે) એમાં સુખ છે (એમ માનો છો) અને તમે મટિરીયાલિસ્ટીક માણસ (કહેવાઓ છો) ! એ પોતાને એમ માને છે કે અમે તો મટિરીયાલિસ્ટીક છીએ !! મટિરીયાલિઝમમાં માનીએ છીએ, આમાં કઈ રીતે તમે મટિરીયલાઈઝ કર્યું છે? સુખને તમે જડ રજકણમાં કઈ રીતે મટિરીયલાઈઝ કરો છો? (પ્રશ્ન સાંભળીને) ઊભો રહી ગયો! બુદ્ધિશાળી માણસ હતો. (મને કહ્યું) કે 'તમે વેપારી જેવા દેખાઓ છો, પણ વાત તો બધી વિજ્ઞાનથી કરો છો!' (મેં) કીધું, એમાં શું વાંધો છે? વેપારીને કાંઈ વિજ્ઞાન ન આવડે એવું થોડું છે કાંઈ? (પછી મને કહ્યું) 'વાત તો ઠીક છે તમારી. મેં એવું કાંઈ વિચાર્યું નથી' (મેં કહ્યું) 'મેં તો એમ સાંભળ્યું છે કે તમે તો બહુ બુદ્ધિશાળી છો અને દુનિયાના સર્વ ધર્મમતોનું સાહિત્ય તમે વાંચ્યું છે. આ વાત કેટલી સાચી છે?' તો કહે, 'એ વાત સાચી છે કે મેં તો ઘણાં ચાલતા સંપ્રદાયોનું અને ધર્મમતોનું સાહિત્ય વાંચ્યું છે, પણ કમનસીબે જૈનદર્શનનું જ સાહિત્ય નથી વાંચ્યું!' તો તો ખલાસ થઈ ગઈ વાત. આ વિષય જૈનદર્શનનો છે, જે દુનિયાના ધર્મના સાહિત્યમાં આ વિષય આ રીતે પ્રતિપાદિત થયેલો નથી.

અહીંયા શું કહે છે? કે એ જ્ઞાનનું જ્ઞેય છે. જ્ઞાનીના જ્ઞાનમાં બહારના કહેવાતા અનિષ્ટ સંયોગ અને વિયોગ કે ઈષ્ટ સંયોગ અને વિયોગ તે તમામ જ્ઞાનનું જ્ઞેય છે, એવું સામ્યભાવપણે જ્ઞાનસહિતનું અનંતગુણનું વીતરાગી પરિણમન સાધકને વર્તે છે, એણે એ સિદ્ધાંતને અપનાવ્યો છે અથવા ગ્રહણ કર્યો છે. હવે જેને, જે સુખનું પણ કારણ નથી, જેને જે દુઃખનું પણ કારણ નથી, એના ગ્રહણ–ત્યાગની એને પકડ કેટલી? (કહે છે) કે એના ગ્રહણ–ત્યાગની કોઈ પકડ એને નથી. એ જગતમાં જગતથી નિરાળો થઈને વસે છે, રહે છે અને પોતાનામાં મસ્ત છે. વીતરાગભાવની મોક્ષની મસ્તીમાં એ ચકચૂર છે. એને જગતના ગ્રહણ–ત્યાગ સાથે કાંઈ લેવાં દેવા નથી. એ રીતે બહારની સંપદા અને વિપદાનો આંક અથવા ધોરણ જ્ઞાનીઓએ 'માત્ર જ્ઞેયના' ખાનામાં રાખીને નિશ્ચિત કરેલું છે.

તો પછી એને વિપદા અને સંપદા જેવું કાંઈ છે? (કહે છે) કે હા, એ પણ એ માને છે. (બોલમાં) બે વાત લીધી છે. 'નથી' અને 'છે'. અહીંયા નાસ્તિ અને અસ્તિ– બન્ને સ્થાપી છે – એ પણ છે કે, **'ચૈતન્યનું વિસ્મરણ તે જ મોટી વિપદા છે, ચૈતન્યનું સ્મરણ ખરેખર સાચી સંપદા છે.'** જેમાં ચૈતન્યના સુખની હાનિ થાય તે જ વિપદા છે. જ્યારે ચૈતન્યના સુખનો અભાવ હોય છે ત્યારે ચૈતન્યને દુઃખ હોય છે. એને કેમ વિપદા કહે છે? કે આત્મામાં સુખ નામની એક શક્તિ છે, આ ૪૭ શક્તિમાં પાંચમી શક્તિનું એ વર્ણન છે – 'અનાકૂળ ઉપયોગમયી સુખ શક્તિ.' સમયસારનાં પરિશિષ્ટમાં આત્માની ૪૭ શક્તિઓનાં વર્ણનમાં એક 'સુખ શક્તિ'નું વર્ણન છે. તો કહે છે કે (આત્મામાં) એક સુખગુણ છે. સુખ-શક્તિ છે એટલે એ ત્રિકાળી ગુણ છે, ત્રિકાળી શક્તિ છે. આત્મામાં અનાદિ અનંત ત્રણે કાળે જેની હયાતી છે એવી એ શક્તિ છે કે જેનું સામર્થ્ય અનંત છે. જેનું સુખ દેવાનું સામર્થ્ય અનંત છે, અપરિમિત છે, અમર્યાદિત છે, જેને ક્યાંય કોઈ સીમા લાગુ પડતી નથી. એવી જે સુખ શક્તિ છે એનું પરિણમવું પણ ત્રણે કાળે હોય છે. કોઈ કાળે કોઈપણ પદાર્થનો કોઈપણ ગુણ પરિણમ્યા વિનાનો રહી શકતો નથી, રહેતો નથી. આ સર્વ ગુણોની સ્થિતિ છે.

વસ્તુ વિજ્ઞાનને વિચારીએ તો કોઈપણ પદાર્થ – કોઈપણ વસ્તુનો કોઈપણ ગુણ ક્યારેય પણ કોઈપણ સમયે પરિણમ્યા વિનાનો હોય નહિ. તેથી આત્માની સુખ-શક્તિ, સુખગુણ પણ સદાય પરિણમે છે. પણ જ્યારે તે વિકૃતરૂપે, વિકારીરૂપે, વિભાવરૂપે પરિણમે છે ત્યારે તે દુઃખરૂપે પરિણમે છે. એ સુખરૂપે નહિ પણ એનો

દુઃખરૂપે અનુભવ (થાય છે) – ઊલટો અનુભવ થાય છે. ટૂંકામાં, દુઃખ છે તે સુખગુણની ઊલટી પર્યાય છે. દુઃખ છે તે સુખગુણની ઊલટી પર્યાય છે. એ વિપદા કઈ છે? કે ચૈતન્યનું વિસ્મરણ તે.

જ્યારે આ આત્મા પોતાના જ મૂળ સ્વરૂપને-નિજસ્વરૂપને ભૂલેલો છે અને એની બેસાવધાનીમાં-એના સ્મરણ રહિત, સાવધાની રહિત પરિણમે છે ત્યારે એનો સુખગુણ દુઃખરૂપે પરિણમતો હોય છે. એ દુઃખનો અનુભવ તે જ એને વિપદા છે. પછી એ લખપતિ હોય કે અબજપતિ હોય કે જગતનો રાજા હોય કે ગમે તે લોર્ડ, કિંગ, એમ્પરર હોય, શહેનશાહ હોય! છતાં ચૈતન્યના વિસ્મરણવાળા એ બધાં દુઃખી છે!!

ગુરુદેવ તો વળી બહુ કહેતાં કે, 'એ બધાં દુઃખનાં ડુંગરામાં દટાયેલા છે!' (પ્રવચન) સાંભળવામાં કોઈક કરોડપતિ સામે બેઠાં હોય ને (તો) શું કહેતાં ? કે આ તમે બધાં શેઠિયાઓ દુઃખનાં ડુંગરામાં દટાયેલા છો ! (અર્થાત્) થોડું દુઃખ નથી પણ તમને ઘણું દુઃખ છે. પછી જરા હળવી પળોમાં એમ કહે કે, મોટી લાંબી લાંબી મોટરમાં બેસે, એર-કંડિશન-ગાડીઓ આવે છે કે નહિ ઈમ્પોર્ટેડ!? (પછી પૂછે) કેટલાંની છે? (તો કહે) દસ લાખની છે. પચાસ લાખની છે. ગાડીમાં કપડાં સરખા પહેરીને બેઠો હોય, લોકો જોવે કે સુખી છે. પણ એ ગાડીમાં નથી બેઠો, ઈ ગાડી એની છાતી ઉપર બેઠી છે! એની ઉપાધિ એને છે ને! એમાં ક્યાંય ઘોબો-ઘડિયો ન પડે એની ઉપાધિ એને છે. જેટલી ઉપાધિ એને લગતી છે એ બધી એને છે. એને મેન્ટેઈન કરવાની જે ઉપાધિ છે એ બધી એને છે. એટલે એ ગાડીમાં નથી બેઠો પણ ગાડી એની છાતી ઉપર બેઠી છે. એ ઉપાધિ છે ને? એટલે.

(માટે) કહે છે કે, **'ચૈતન્યનું વિસ્મરણ તે જ મોટી વિપદા છે.'** એમાં દુઃખ પરિણમતું હોવાથી એને મોટી વિપદા ગણીએ છીએ. વિસ્મરણમાં શું લીધું છે? કે સંસારી મિથ્યાદૃષ્ટિ જીવ સંપૂર્ણપણે-પૂરેપૂરો આત્માને ભૂલીને પ્રવર્તે છે. 'સિદ્ધસમાન સદા પદ મેરો' બનારસીદાસજીએ ગાયું છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો' સદા એટલે ક્યારે? કે ત્રણે કાળે, અત્યારે પણ. એવું જે પોતાનું નિજપદ છે એનું વિસ્મરણ કરવું, એને ભૂલી જવું, એના અભાનમાં અને હું માણસ છું કે જે તે પર્યાયને પ્રાપ્ત છું, તે પર્યાયપણે માનીને, તેના સભાનમાં મોટી વિપદા ઊભી થાય છે. ચાર ગતિનું પરિભ્રમણ એની અંદર રહેલું છે. એમાં સર્વ કાળે દુઃખ, દુઃખ અને દુઃખ જ છે. કોઈ કાળે દુઃખ નથી એવું નથી. તેથી તે જ મોટી વિપદા છે, અને જેને ચૈતન્યનું સ્મરણ થયું તે ખરેખર સાચી સંપદા છે.

અહીંયા (ચૈતન્યનું) સ્મરણ એટલે માત્ર રટણ કરે, સંભારીને રટણ કરે અથવા માળા કરે, નામસ્મરણ કહે છે ને? એ નહિ. (પરંતુ) અંતર સાવધાનીથી અંદરમાં અભેદ અનુભવથી (ચૈતન્યને) સ્પર્શે અથવા એના ભાનમાં રહે, (તેને સ્મરણ કહે છે). જુઓ! ભાન એક એવી ચીજ છે કે એને સ્મરણ કરવાની જરૂર નથી. સ્મરણ એની પાસે ઓછું પડે છે. હું માણસ છું એનું સ્મરણ કરવું પડે છે? મારું નામ ફલાણું રાખ્યું છે એનું સ્મરણ કરવું પડે છે? આવો – આવો હું છું, એનું સ્મરણ કરવું પડે છે? કાળો છું, ધોળો છું, ઊંચો છું, નીચો છું, કાંઈ સ્મરણ કરવું પડે છે? કે કાંઈ નહિ. એનું ભાન રહે છે, એ સ્મરણથી પણ વધારે છે. એમ જે ચૈતન્યનું ભાન છે એ સાચી સંપદા છે. 'સ્મરણ' અહીંયા 'ભાન'ના રૂપમાં છે. જે ભાન ક્યારે પણ વિસ્મૃતિને પામતું નથી. ભાન છે એને સ્મૃતિ-વિસ્મૃતિની અપેક્ષા નથી. તેથી એમ કહેવાય (છે) કે એની વિસ્મૃતિ થતી નથી. પણ ખરેખર તો સ્મૃતિ-વિસ્મૃતિની અપેક્ષા એમાં નથી.

આમ તો સ્મૃતિ-વિસ્મૃતિ એ મતિજ્ઞાનનો ભેદ છે. મતિજ્ઞાનના જે પાંચ ભેદ છે ને એમાં 'સ્મૃતિ' (છે) એ મતિજ્ઞાનનો ભેદ છે. તેથી આ જાતિસ્મરણને પણ મતિજ્ઞાનના ભેદમાં નાખ્યું છે, શ્રુતજ્ઞાનના ભેદમાં નહિ. સ્મૃતિનો ભેદ છે ને, એટલે એ મતિજ્ઞાનનો ઊઘાડ છે. જાતિસ્મરણ તે મતિજ્ઞાનનો ઊઘાડ છે.

અહીંયા તો જે 'ભાન' છે એમાં એકલું જ્ઞાન નથી.

ભાનમાં તો શ્રદ્ધા પણ છે, ભાનમાં તો જ્ઞાન પણ છે અને ભાનમાં તો સ્વરૂપાચરણચારિત્ર પણ છે. સ્વરૂપ ભાનમાં દર્શન-જ્ઞાન-ચારિત્રનું એકત્વ હોવાથી, ધર્મીને છે ને આ સ્વરૂપનું ભાન? એમાં દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન હોવાથી, એ સ્મૃતિ કરતાં વધારે મજબૂત પર્યાય છે, વધારે તાકાતવાળી પર્યાય છે. એ તો મુખ્ય ત્રણ ગુણ છે એટલે એમ કહેવાય છે. ભગવાનને જે અનંત ચતુષ્ટય પ્રગટ્યા છે એની અંદર ચારિત્ર તો સાધકદશાનો ભેદ હોવાથી, ચારિત્રને ફેરવીને સુખમાં નાખ્યું છે. ભગવાનને અનંત જ્ઞાન છે, અનંત દર્શન છે, અનંત સુખ છે એમ લીધું છે. અનંત ચતુષ્ટયમાં અનંત ચારિત્ર છે, એમ નથી કહેવાતું અને ચોથું અનંત વીર્ય લીધું છે. એ પણ મુખ્ય ગુણ છે. એમ (અહીંયા ધર્મીને) ભાનમાં પણ અનંત પુરુષાર્થ છે. આત્માના સ્વરૂપ ભાનમાં અનંતો પુરુષાર્થ છે. એમ એ વાત સાથે છે. (માટે) ચાર ગુણ લેવા જોઈએ.

જેને અહીંયા સ્મરણ કહ્યું છે કે '**ચૈતન્યનું સ્મરણ ખરેખર સાચી સંપદા છે.**' તો એ ચૈતન્યની સંપત્તિમાં સમ્યક્દર્શનની પર્યાય છે, સમ્યક્જ્ઞાનની પર્યાય છે, સમ્યક્ચારિત્રની પર્યાય છે એટલે સમ્યક્ સુખની પર્યાય છે અને સમ્યક્ પુરુષાર્થની પર્યાય છે—ચારેય છે, એની અંદર ચતુષ્ટય છે તેથી તે સાચી સંપદા છે. જીવની જે ગુણ સંપત્તિ છે એ ગુણ નિધાનમાંથી ઉત્પન્ન થયેલું એ પરિણમન છે. જીવનું એ પરિણમન તો ગુણના નિધાનમાંથી ઉત્પન્ન થયેલું ગુણવાન પરિણમન છે. નિર્દોષ અને પવિત્ર પરિણમન છે. એ જીવની સાચી સંપત્તિ છે. એને સંપદા કહેવામાં આવી છે. પછી ભલે તે એકાકી હોય, નિર્ધન હોય, બહારમાં એને કોઈ ઓળખતું ન હોય, કોઈ બોલાવતું ન હોય, અરે...! કોઈ હડહડ કરીને કાઢતું હોય, તોપણ તે સાચી સંપદાવાળો છે. શ્રીમદ્જીએ એક જગ્યાએ લખ્યું છે, જેની જીંદગીનો ધ્રુવકાંટો લોકદષ્ટિમાં છે, એમ કરીને વાત લીધી છે ને...! કેટલાંક ટુકડાં તો બહુ સારા એ લખે છે ! લોકસંજ્ઞા! લોકદષ્ટિ નહિ પણ લોકસંજ્ઞા છે. લખાણની ગંભીરતા બહુ છે!!

લોકસંજ્ઞા એટલે શું? કે બીજાં લોકોની નજરમાં હું અમુક પ્રકારે (દેખાઉં), મારું અમુક ગણતરીવાળું (સ્થાન હોય), હું મને જેવો દેખાડવા માગું છું એવું ધોરણ બીજાની નજરમાં સચવાઈ રહે તો સારું, એને લોકસંજ્ઞા કહે છે. પછી પૈસાવાળો પૈસાની ગણતરી મૂકે છે, માનવાળો માનની ગણતરી મૂકે છે, શિષ્યવાળો ગુરુની ગણતરી મૂકે છે કે હું ગુરુપદે રહું તો ઠીક. એમ જે તે (પ્રકારે) એનું સ્થાન એણે લોકોની વચમાં કલ્પ્યું છે તેવી દષ્ટિ રહ્યાં કરવી એટલે તે સ્થાન સાચવવાનો સર્વ પ્રકારે એનો જાણ્યે-અજાણ્યે પ્રયત્ન થયા વિના રહે નહિ. એવી જે પરિણમનની પ્રકૃતિ એને જ્ઞાની લોકસંજ્ઞા કહે છે. આ લોકસંજ્ઞાનો અર્થ છે, ભાઈ, ઠીક!

પ્રશ્ન :- અંદર અંદર એવા પરિણામ થાય?

સમાધાન :- અંદર અંદર એને એ જ પ્રકારે પરિણામ રહે કે, મને લોકો આમ જોવે તો સારું, લોકો મને આમ જોવે તો સારું, મારું ક્યાંય હીણું ન બોલાય તો સારું, મને કોઈ હીણાપણે ન જોવે તો સારું. અમુક રીતે મને ધર્મી જોવે તો સારું. મુમુક્ષુ લ્યો (ને)! આપણે આપણી વાત લ્યો ને! પૈસાવાળાની (વાત) એકબાજુ (રાખીએ). મને મુમુક્ષુ તરીકે સમજે તો સારું, મને ધર્મી સમજે તો સારું, મને જ્ઞાની સમજે તો સારું! કહે છે કે ભાઈ! બહુ મોટી ખામી છે. એ લોકસંજ્ઞા છે એ જેની જીંદગીનો ધ્રુવકાંટો છે, (એટલે કે) એ એનું ધ્યેય થઈ ગયું છે. જે ધ્યેયના સ્થાને હોય એને ધ્રુવકાંટો નામ આપે છે.

એટલે અહીંયા કહે છે કે જો તારે મુમુક્ષુની હરોળમાં આવવું હોય, જો તારે મુમુક્ષુની પંક્તિમાં આવવું હોય, તો જ્ઞાનીનો આદેશ એ છે કે તું તારી જીંદગીનો ધ્રુવકાંટો પરિપૂર્ણ નિર્દોષ થવાનો-મોક્ષનું ધ્યેય બાંધજે. ધ્યેય ક્યુ? પૂર્ણતાનું લક્ષ! પરિપૂર્ણ નિર્દોષ થવું છે એવું જે ધ્યેય છે એ ધ્યેય તે જીંદગીનો ધ્રુવકાંટો હોવો જોઈએ. એને બદલે લોકસંજ્ઞા જેની જીંદગીનો ધ્રુવકાંટો છે. (આ) નાસ્તિમાંથી અસ્તિ કાઢી કે આ ન હોવું જોઈએ તો શું હોવું જોઈએ? તે જીંદગી ભલે ગમે તેવી શ્રીમંતાઈવાળી હોય, તે જીંદગી

ભલે ગમે તેવી સત્તાવાળી હોય કે તે જીંદગી ગમે તેટલા કુટુંબ-પરિવાર આદિવાળી હોય, આદિવાળી એટલે જૂથવાળી હોય, ગમે તે પ્રકારના યોગવાળી હોય તોપણ તે એકાંતે દુઃખનો જ હેતુ છે. એમાં દુઃખ મટવાનો ક્યાંય અવસર નથી અને ક્યાંય સુખ થવાનો પ્રકાર છે નહિ.

આત્મશાંતિ એટલે આત્મિક સુખ, આત્મિક સંપત્તિ અહીંયા ગુરુદેવ જેને સંપદા કહે છે. દરેકને ભાષા પોતાની મૌલિકતાથી આવે છે. એ વિષય છે તે એક જ છે. આત્મશાંતિ જે જીંદગીનો ધ્રુવકાંટો છે તે જીદંગી ગમે તો એકાકી હોય (એટલે કે) એકલો હોય, કોઈ એને સંગ ન હોય, કોઈ એને સાથ ન દેતું હોય, એમ કહે છે. તે એકાકી હોય, નિર્ધન હોય, નિર્વસ્ત્ર હોય, નગ્ન દિગંબર હોય છે- જંગલમાં મુનિરાજ હોય છે ને! તોપણ તે પરમ સમાધિનું સ્થાન છે. એવું જેણે આત્મશાંતિનું ધ્યેય બાંધ્યું છે એ આત્માની પરમ સમાધિ અવસ્થામાં (રહે છે). જ્યાં સામ્ય છે ત્યાં સમાધિ છે અને સમાધિ છે ત્યાં સામ્ય છે. 'સામ્ય છે તે જીવના મોહ-ક્ષોભ વિહીન પરિણામ છે.' પ્રવચનસાર (૭મી ગાથામાં) સામ્યની (આવી) પરિભાષા કરી છે. જૈનદર્શનનો આ સામ્યવાદ છે !! કે જીવના મોહ-ક્ષોભ વિહીન, મોહ વિહીન પરિણામ અને ચંચળતા, અસ્થિરતા, ક્ષોભ વિહીન – ડહોળાયેલા નહિ એવા સ્થિર ઉપયોગના પરિણામ, આત્મ-સ્થિરતાના પરિણામ તે ખરેખર સામ્યના પરિણામ છે, એ પરમ સમાધિના પરિણામ છે. એ જીવની સાચી સંપત્તિ છે અને એમાં આત્મશાંતિ રહેલી છે. જગતની સંપત્તિની એને કોઈ ગરજ નથી, એને જગતની સંપત્તિની કોઈ ગરજ નથી.

શ્રીમદ્જીએ ગાયું છે, 'વંદે ચક્રી તથાપિ ન મળે માન જો' મુનિને આમ હોય છે એટલું પ્રતિપાદન નથી. હું સાધક છું, અને એ સ્થિતિની હું ભાવના ભાવું છું, 'અપૂર્વ અવસર' ગાયું છે ને! આ અપૂર્વ અવસર ગાયું છે કે આવા જે મુનિરાજ છે, જંગલમાં ધ્યાનમાં બિરાજમાન છે. ચક્રવર્તી સેના લઈને નીકળે અને જો એ ભાળી જાય કે અરે...! ઓલા ઝાડ નીચે મુનિરાજ ધ્યાનમાં બિરાજે છે! તો હાથીના હોદેથી હેઠો ઉતરીને સાષ્ટાંગ નમસ્કાર કરે !! છતાં જે સામું જોતાં નથી!! એ નમસ્કાર કરે એને લોકો મોટાઈ માને છે. વીતરાગી મુનિને તો (એ) જ્ઞાનનું જ્ઞેય છે. એને તો કોઈ પત્થર મારનાર ઉપસર્ગ કર્તા છે કે એને કોઈ ચક્રવર્તી વંદનાર છે, બન્ને 'જ્ઞાનના જ્ઞેય એક સરખા છે. એને આ સારો છે અને મારો છે, મારો માનનારો તે મારો છે, એવી સંકુચિતતા વીતરાગ ભાવમાં આવતી નથી.' એ ભાવના ભાવી છે. શ્રીમદ્જીએ મુનિનું વર્ણન કર્યું છે એ તો એક દષ્ટિકોણ છે, જે ગૌણ છે, મુખ્ય દષ્ટિકોણ તો એ કાવ્યનો એ છે કે 'એવો અપૂર્વ અવસર મને ક્યારે આવે!' એ એનો મુખ્ય દષ્ટિકોણ છે.

એટલે એમ કહ્યું છે. આ એમણે લીધું છે – ૩૪માં વર્ષની આ વાત છે. લ્યો! ૩૪માં વર્ષે એમનો દેહાંત છે અને એ છેલ્લે (પત્રાંક – ૯૪૯માં) આ વાત લખતાં ગયાં છે. બહુ સૂત્ર જેવો ટુકડો છે! જગતના સંયોગો પાછળ ધસમસતા પ્રાણીઓને બ્રેક મારે એવો આ ટુકડો છે કે ભાઈ! એ ગમે તેટલી શ્રીમંતાઈ, સત્તા અને કુટુંબ-પરિવાર તને મળો (પણ) તારી જીંદગીનો ધ્રુવકાંટો ઊલટો છે. એ તને દુઃખનું કારણ થશે, વર્તમાન દુઃખનું કારણ (છે) (અને) ભવિષ્યમાં એની પરંપરા પણ અનંત દુઃખની છે. એ ખરી સંપત્તિ અને ખરી સંપદા નથી. એ કહેવાતી અનુકૂળતા પાછળ દોડવા જેવું નથી.

પ્રશ્ન :- જાણ્યે-અજાણ્યે લોકસંજ્ઞા રહી જાય એમ કહ્યું, તો અજાણપણે પણ લોકસંજ્ઞા રહી જાય?

સમાધાન :- વિચારી જોવું કે આપણે આવો સ્પષ્ટ વિચાર નથી કર્યો કે મને ફલાણો આમ જોવે તો સારું, ફલાણો આમ જોવે તો સારું, ફલાણો આમ જોવે તો સારું, પણ જ્યાં સુધી આત્મશાંતિનું ધ્યેય, પરિપૂર્ણતાનું ધ્યેય, મુમુક્ષુની ગણનામાં આવ્યાં છતાં કોઈ જીવ બાંધતો નથી – બીજાને તો પત્તો (લાગે એવું) નથી આમાં, એને આમ રહે છે કે નહિ? એને આમ રહે છે કે નહિ? કે લોકો

*(પ્રવચનનો શેષ અંશ પૃષ્ઠ-૧૭ ઉપર)*

# અનુભવ સંજીવનીમાંથી ચૂંટેલા 'જ્ઞાનીની વાણી' સંબંધિત વચનામૃતો

સત્પુરુષના વચનોમાં આત્મહિત થાય તેવું પૂરું નિમિત્તત્વ હોય છે. લક્ષ્ય–સ્વરૂપનો બોધ થવામાં 'અચુકપણે' તે નિમિત્ત થાય છે. જે જીવની તથારૂપ પાત્રતા અર્થાત્ યોગ્ય તૈયારી હોય તો ખચિતપણે કાર્ય સિદ્ધ થાય છે. અહો ! નિજ પૂર્ણ વીતરાગ સ્વભાવ ઉપરની ભીંસમાંથી પ્રગટેલી વાણી ! આવી વાણી અમોઘ–રામબાણ જ હોય ને ! તે નિષ્ફળ કેમ જાય ! તેની સફળતા સાથે કુદરત બંધાયેલી છે. તેથી આ વાણી પણ (વ્યવહારથી) પૂજ્ય છે. (૧૬૨)

***

નિર્વિકલ્પ સૂક્ષ્મ આત્મસ્વરૂપ અને તેનો નિર્વિકલ્પ અનુભવ અવક્તવ્ય હોવાથી, તેમ જ માત્ર અનુભવગમ્ય હોવાથી, તેનો ઉપદેશ મહાન અનુભવી ગુરુ–જ્ઞાની દ્વારા જ મળી શકે છે. તેમની વાણીમાં પણ સંકેતરૂપે સૂક્ષ્મભાવો પ્રકાશિત થાય છે. બીજાની વાણીમાં, અનુભવ રહિતપણાને લીધે – તે સૂક્ષ્મતા પ્રકાશિત થવાનો સંભવ નથી. કારણ કે બીજાઓ તેથી અજાણ છે. તેમનું વિચાર – વિકલ્પાત્મક જ્ઞાન પણ સ્થૂળ છે. સ્વભાવની સૂક્ષ્મતાથી દૂર છે. તેમ સમજવા યોગ્ય છે. (૨૮૦)

***

'દ્રવ્ય સ્વભાવ – નિજ સ્વરૂપ' સમસ્ત નિર્ગ્રંથ પ્રવચનનું રહસ્ય છે. ધર્મધ્યાનથી લઈને શુક્લધ્યાન પર્યંતનું અનન્ય કારણ છે. દર્શનમોહનો અનુભાગ ઘટવાથી તે સ્વ–રૂપે પ્રતિભાસે છે. સમસ્ત પ્રકારની વિવિક્ષાઓમાં, આ પરમ તત્ત્વની મુખ્યતા અપેક્ષિત છે અને તો જ જે તે વિવિક્ષા યથાર્થ છે. જ્ઞાનીના સર્વ કથનનો આ ધ્વનિ (આશય) – (Under Tone) – હોય છે. વિદ્વતામાં જ્યાં આ મૂળ વાતનું વજનઅપેક્ષાએ – અપેક્ષાઓનું જાણપણું – કરીને ઘટે ત્યાં વિપર્યાસ ઉત્પન્ન થાય છે. (૩૦૩)

***

સત્પુરુષની વાણીની વિલક્ષણતાઓ :

૧. આશય ભેદ : એટલે કે તેમની વાણી મૂળ આત્મસ્વરૂપને કેન્દ્રસ્થાનમાં રાખે છે અથવા સર્વ કથન વિસ્તારનું કેન્દ્ર બિંદુ, શુદ્ધાત્મા અને તેનો આશ્રય થવો તે.

૨. પૂર્વાપર અવિરોધપણું : પદાર્થ દર્શન અને પ્રત્યક્ષ અનુભવ હોવાથી, વિરુદ્ધ ધર્મોનું જ્ઞાન પણ અવિરોધપણે હોવાથી; તેમજ મુખ્ય–ગૌણની પરિણામ પદ્ધતિ, પ્રયોજન અનુસાર સહજ વર્તતી હોવાથી, સંતુલિત પરિણમનદશાનું દ્યોતક વચન યોગ હોય.

૩. આત્માર્થ ઉપદેશક : સર્વ ભૂમિકાના શિષ્યને આત્માર્થ સધાય અથવા ક્યાંય પણ આત્માર્થની વિરુદ્ધતા ન થાય તેવો જ ઉપદેશ.

૪. અપૂર્વ વાણી : અપૂર્વ સ્વભાવને અપૂર્વભાવે વ્યક્ત કરતી વાણી, સાંભળનારને પણ અપૂર્વતા જ ભાસે. (યોગ્યતા હોય તો.)

૫. અનુભવ અભિવ્યક્તિ :– અનુભવ સહિત નિર્મળ ચૈતન્ય દશા અને અલૌકિક ગુણોનો અતિશયથી

પ્રભાવિત વચન યોગપણું હોવાથી, આત્માની ભાનદશા – જાગૃત ચૈતન્યની દશાપૂર્વકનો વચનયોગ, શ્રોતાને પણ સતત જાગૃત કરનાર, પુરુષાર્થ જગાડનાર હોય છે. તેમજ ભાવનાથી ભિંજાયેલી, વાસ્તવિકતાની પ્રકાશક હોવાથી શુષ્કતા, કલ્પના અને એકાંતિકપણાથી રહિત હોય છે. ઉત્કૃષ્ટ મુમુક્ષુ અને જ્ઞાનીને તે ઓળખાય છે. બીજાને ભ્રાંતિ થવા યોગ્ય છે. (૬૪૦)

***

ચિત્તમાં પરમાર્થ સંબંધી રસ ઉત્પન્ન હોય, અથવા પરમાર્થ ભાવનો વિશેષ આવિર્ભાવ વર્તતો હોય, ત્યારે જ તે સંબંધી કહેવું કે લખવું યથાર્થ ગણાય, વા સ્વપર હિતકારી થાય અન્યથા પરમાર્થ સંબંધી કહેવું કે લખવું સ્વ–પરને ઉપકારી નથી થતું કારણ કે તે પ્રવૃત્તિ આત્મબુદ્ધિ પૂર્વક થઈ નથી.

તેથી પરમાર્થનાં પ્રકરણ લખનાર અથવા કહેનારને તે કાળે વિષયને અનુરૂપ વીર્યની પ્રવૃત્તિ અંતરંગમાં થવી ઘટે તો જ તેને અનુરૂપ વચનયોગ પ્રગટે.

વચન / વાણીની યથાર્થતાનું માપ અથવા પ્રમાણ આ પ્રકારે થવા યોગ્ય છે. જ્ઞાની / ધર્માત્માની વાણી હંમેશા પુરુષાર્થ પ્રેરક હોય છે, વા આત્મહિત પ્રેરક હોય છે; અને તેમનાં વચનયોગમાં ઉક્ત પ્રકારે પરમાર્થ રસની અભિવ્યક્તિ જોવા મળે છે, જે જ્ઞાનીપુરુષની ઓળખાણ થવાનું કારણ પણ થાય છે. તેથી જ્ઞાની અસ્થિરતાવાળા ઉદય યોગે 'કલ્પિત ભાવે' પરમાર્થ પ્રકાશતા નથી તે યોગ્ય જ છે. (૬૬૬)

***

## અનુભવ સંજીવનીમાંથી ચૂંટેલા 'જ્ઞાનદશા' સંબંધિત વચનામૃતો

મિથ્યાત્વના સદ્‌ભાવમાં જીવને પોતામાં પોતાપણે અનુભવ કરવાની યોગ્યતાનો અભાવ હોય છે. જ્યારે સમ્યક્ત્વના સદ્‌ભાવમાં, પરમાં પોતાપણાનો અનુભવ કરવાની યોગ્યતાનો નાશ થઈ ગયો હોય છે, તેથી શરીરાદિ સંયોગોમાં પૂર્વકર્મ ભોગવતાં પણ પોતાપણું થતું નથી.

નિજ સિદ્ધ પદના પ્રત્યક્ષ અનુભવરસથી જેનું પરિણમન ભરિતાવસ્થ છે. તેને જગતના રમ્ય (!) પદાર્થો મોહક લાગતા નથી. પરંતુ જે તે પદાર્થો ઉપર ઉપયોગ ખેંચાતા દુઃખ–દાહ થાય છે. તે સિવાઈ રમ્ય પદાર્થોમાં મોહભાવ થયા વિના રહે નહિ. સારાંશ (તાત્પર્ય) એ કે જ્ઞાનીના દર્શનમાં, સ્વભાવના દર્શન કરવા યોગ્ય છે. (૯૭૫)

***

જ્ઞાનદશામાં પોતાનું બેહદ સામર્થ્યની પ્રતીત વર્તતી હોવાથી, દીનતાનો નાશ થઈ જાય છે, તેથી સન્માર્ગના પ્રારંભથી જ અયાચકપણું રહે છે. તેમજ પરિપૂર્ણ સ્વરૂપના અવલંબને ઉત્પન્ન વૈરાગ્ય પણ (જ્ઞાનીને) યાચનાવૃત્તિમાં આવવા દે નહિ. જ્ઞાની અલ્પ રાગ હોય ત્યાં સુધી પ્રારબ્ધ કર્મની નિર્જરા અર્થે પ્રવૃત્તિમાં હોય છે, મમત્વને લીધે નહિ. તેમ સમજવા યોગ્ય છે. (૯૭૭)

***

સૂર્યને અંધકારે ઘેરી લીધો છેએવું કદી કોઈએ જોયું છે ? કે સાંભળ્યું છે ? તેમ ચૈતન્ય સૂર્ય જેને પ્રગટ છે એવા આત્મજ્ઞાનીને કર્મનો ઉદય ઘેરી લ્યે, એવું કદી બની શકતું નથી. (ભવ્યામૃત ૨૧-૯૯) ધ્રુવ તત્ત્વમાં ઉપાધિ કારક સંયોગો અને તદ્ નિમિત્તક ઉપાધિભાવનો પ્રવેશ જ નથી, એવો અનુભવ સ્વરૂપ જ્ઞાનીને રહે છે. વળી નિજ ધ્રુવ સુખધામનો અનુભવ સ્વયં સુખમય પરિણમન છે. કર્મ તેનાથી અતિ દૂર છે. અનુભવીને શંકાનો અવકાશ નથી. (૯૯૫)

***

અન્ય જીવને ઉપકાર થાય તેવી, ધર્મ-પ્રભાવના યોગ્ય, બાહ્ય પ્રવૃત્તિ પણ પ્રારબ્ધયોગ અનુસાર શુદ્ધ સ્વભાવના અનુસંધાનપૂર્વક થવી ઘટે છે. નિષ્કારણ કરુણાથી મહાપુરુષોએ પરમપદનો ઉપદેશ આપ્યો છે. તે ઉપદેશનું કાર્ય મહાન હોવા છતાં પણ અંતર આરાધનામાં અપ્રમત્તભાવે વર્તતા, તે બાહ્ય કારુણ્યવૃત્તિ પણ જેને ઉપશાંત થઈ, તે મહત્ પુરુષની સાધનાને વંદન હો ! અંતર આરાધનામાં અપ્રમત્તભાવે રમણતા કરનારનાં બાહ્ય યોગનો સહજ સ્વભાવ સર્વ જીવ પ્રત્યે દયાનો હોય છે અને તેમનો આત્મ સ્વભાવ તો સર્વ જીવને પરમપદ પ્રત્યે આકર્ષણ કરનાર હોય તેમાં શું આશ્ચર્ય ! તે પ્રગટ આત્મસ્વભાવ વડે અન્ય તથારૂપ યોગ્યતાવાન જીવને આત્મસ્વભાવ પ્રગટે છે વા સ્વરૂપ સ્થિરતા પ્રાપ્ત થઈ, અંતે પરમપદની પ્રાપ્તિ થાય છે. તેનું મૂલ્યાંકન શેનાથી થાય ? (૧૧૧૫)

***

## અનુભવ સંજીવનીમાંથી ચૂંટેલા 'જ્ઞાનીની ઓળખાણ' સંબંધિત વચનામૃતો

પ્રશ્ન : સત્પુરુષની ઓળખ થવા અર્થે કેવી યોગ્યતા જોઈએ ?

ઉત્તર : જેમ જેમ અસત્સંગનો પરિચય કરવાની વૃત્તિ ઘટે વા અસત્સંગથી ચિત્ત પાછુ વળી તે પ્રત્યે સહજ ઉદાસીનતા થાય, અને સ્વ વિચાર દશા આત્મજાગૃતિ ઉત્પન્ન થાય તે આત્મહિતની અત્યંત જાગૃતિને લીધે ઉદયના સર્વ પ્રસંગોમાં નીરસ પરિણામો રહ્યાં કરે, જેથી દર્શનમોહનો અનુભાગ ઘટે, અને તેથી જ્ઞાનીપુરુષની અંતર ષ્ટિ, અને સહજ સ્વરૂપમય દશા જાણવામાં આવતાં, જ્ઞાનીપુરુષનું અપૂર્વ મહાત્મ્ય ભાસી, તેમના પ્રત્યે ચિત્ત ઉલ્લસે પરમ પ્રેમ આવે, પરા ભક્તિ પ્રગટે, ત્યારે તેમના એક વચનથી પણ અપૂર્વ ફળ પ્રાપ્ત થાય, તેમ જાણી, તે વચન પ્રત્યે, તે વચનના આશય પ્રત્યે અત્યંત પ્રીતિ ભક્તિ થાય, ત્યાં દુર્લભ હોવા છતાં સમ્યક્ત્વ દુર્લભ નથી. જ્યાં સુધી સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ ન થાય ત્યાં સુધી તેમના બોધતું ફળ થવું સંભવતુ નથી. બોધ પરિણમવાની ખાસ પૂર્વ ભૂમિકા એ છે કે બોધિદાતાર પ્રત્યે અપૂર્વ મહાત્મ્યબુદ્ધિ પ્રગટે. (૧૧૪૨)

***

પ્રશ્ન : સત્પુરુષને ઓળખનાર જીવ પૂર્વભૂમિકામાં કેવા પ્રકારના પરિણામવાળો હોય છે ?

સમાધાન : જેને જન્મ-મરણથી છૂટવાનું લક્ષ થયું હોય, અને તે અર્થે જે અનુભવી પુરુષને શોધતો

હોય, તેને સર્વાર્પણબુદ્ધિએ સત્સંગ ઉપાસવાની પૂર્વ તૈયારીરૂપ પાત્રતા હોવાથી, તેવો જીવ નિજ પ્રયોજનની મુખ્યતાએ તીક્ષ્ણદૃષ્ટિ અને અપૂર્વ જિજ્ઞાસા વડે સત્પુરુષને ઓળખે છે. (૧૨૬૭)

***

પ્રશ્ન : સત્પુરુષની ભક્તિમાં રાગ હોય અથવા તે ભક્તિ પ્રેમરૂપ હોય તો તેમાં શું અંતર છે ?

ઉત્તર : રાગનો આધાર પુદ્ગલ છે અથવા લોકસંજ્ઞાએ લૌકિક કારણે અથવા ઓઘસંજ્ઞાએ થતી ભક્તિ રાગરૂપ હોય છે પરંતુ આત્મગુણને અનુલક્ષે થતું બહુમાન પ્રેમરૂપ હોય છે. સત્પુરુષની ઓળખાણ થતાં ભક્તિ–પ્રેમરૂપ હોય છે અને તે જ્ઞાનપ્રાપ્તિનું મૂળ કારણ છે. (૧૩૫૦)

***

સત્પુરુષની ઓળખાણ થયાનું લક્ષણ એ છે કે તેમના પ્રત્યે અપૂર્વ સ્નેહ આવે છે. તેમના સાનિધ્યની ભાવના એવી કે તેમના વિયોગે એક ક્ષણ પણ મૃત્યુ સમાન વેદના લાગે. અહો ! સત્–યોગનું મૂલ્યાંકન !! અહો, અહો અપૂર્વ ગંભીર પ્રઘટના. સત્સંગ મુમુક્ષુનો પ્રાણવાયુ બનવો ઘટે છે. (૧૩૫૪)

***

જિજ્ઞાસા : જ્ઞાનીપુરુષની પરીક્ષા, યોગ્યતાવાન જીવ, કરે છે, ત્યારે ક્યા ક્યા ખાસ મુદ્દાઓથી તે જીવને પ્રતીતિ આવે છે ?

સમાધાન : ૧. જ્ઞાનીની વાણીનો આશય, પરમાર્થરૂપ આત્મકલ્યાણ, કેન્દ્ર સ્થાનમાં હોય છે, તેના ઉપર તેનું લક્ષ જાય છે. તેમજ

૨. સત્સંગમાં આવનાર પાત્ર જીવને પોતાના આત્મા ઉપર જે અસર પહોંચે છે, તેથી પ્રતીત આવે છે, ભક્તિ આવે છે.

૩. જ્ઞાનીની વાણીમાં જ અંતર્મુખ થવાની વિધિ આવે છે, તેમાં તેમનો અનુભવ વ્યક્ત થાય છે, વિધિ પ્રયોગાત્મક હોવાથી, પ્રયોગનો વિષય અન્યત્ર વ્યક્ત થતો નથી; થઈ શકતો નથી. તેમ સમજાય છે.

૪. જ્ઞાની સંપ્રદાયથી ભિન્ન પડતા દેખાય છે, કેમકે સંપ્રદાયમાં સર્વત્ર ત્યાગી લોક ચારિત્રમોહ મંદ થાય તેવો ઉપદેશ આપે છે, દર્શનમોહનો નાશ કરવાના વિષયથી તેઓ અજાણ હોવાથી, માત્ર કષાયની મંદતા દ્વારા ધર્મ પ્રાપ્તિ માને છે આ ગૃહીત મિથ્યાત્વ છે. જ્ઞાની દર્શનમોહનો અભાવ થાય તેવો ઉપદેશ આપે છે. અર્થાત્ નિશ્ચયની મુખ્યતાપૂર્વક વ્યવહારને ગૌણ કરે છે. (૧૫૮૪)

***

જિજ્ઞાસા : જ્ઞાનીની અંતર પરિણતિની, મુમુક્ષુજીવને, ઓળખાણ અંતર્મૂખતાના પ્રયાસ વખતે થાય કે બહિર્મુખ પરિણામ વખતે ?

સમાધાન : જ્ઞાનીની ખરેખરી ઓળખાણ તો તથારૂપ સત્સંગ પ્રાપ્ત થયે, દ્દ મુમુક્ષુતા આવ્યેથી, સત્સંગ યોગે પ્રાપ્ત ઉપદેશ અવધારણ કર્યેથી, તેમજ અંતરાત્મવૃત્તિ ઉદભવ્યેથી થાય છે. પોતાને લાગુ પડતો પ્રયોજનભૂત ઉપદેશનું અમલીકરણ કરવા માટે સંવેગ પ્રાપ્ત જીવ, અંતર્મુખના માર્ગને પરમ ઉત્સાહથી ચાહે છે, ત્યારે, તેને વિદ્યમાન જ્ઞાનીપુરુષની અંતર પરિણતિના દર્શન થાય છે. ત્યારે ઓળખાણ થાય છે. (૧૫૯૬)

***

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૭–D



પ્રશ્ન :- જેટલા વ્યવહારના નિમિત્તના કથન છે એ પોતાના ગુણમાં કામ ન આવે. પણ પરમાર્થને સમજાવવામાં કામ આવે. અને જે વ્યવહારમાં જે પરમાર્થ છે તે સમજાવવામાં કામ ન આવે. પણ તે વડે આત્માને શાંતિ થાય. આવો પ્રગટ નયવિભાગ છે.

ઉત્તર :- વ્યવહારના જે કથન છે એ તો સમજાવવા માટે છે. અંદરની શાંતિ તો પોતે અંદર સ્વરૂપને ઓળખે, દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય તો એ અંતરથી શાંતિ આવે. વ્યવહારના જેટલા કથનો છે એ કથન ઘણા આવે છે વ્યવહારના તો શાસ્ત્રમાં. શાસ્ત્રમાં જેટલા વ્યવહારના કથનો આવે એટલા અધ્યાત્મના કથનો નથી આવતા. પણ એ બધા સમજાવવા માટે છે. અને સાધકદશામાં ભેદ પડે છે એ બધું સમજાવવા માટે છે.

અંદર શાંતિ તો એ બધા વ્યવહાર ઉપરથી લક્ષ ઉઠાડી અને પોતે દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકે અને એમાં જો પોતે એ દૃષ્ટિના જોરથી આગળ જાય તો શાંતિ થાય એમ છે. કાંઈ શાંતિ માત્ર વ્યવહારમાં રોકાઈ જવાથી એ કાંઈ શાંતિ મળતી નથી. બહારના નિમિત્તો, નિમિત્તની વાતો એનાથી કાંઈ શાંતિ મળતી નથી. વ્યવહારના કથનોથી શાંતિ (મળતી નથી). એ તો ભેદભાવો છે, એ માત્ર જાણવા માટે છે, જાણવા માટે છે. એનું જ્ઞાન કરવા યોગ્ય છે કે વ્યવહાર છે, પર્યાય છે અને અંદર દ્રવ્ય શુદ્ધાત્મા છે એના ઉપર દૃષ્ટિ કરીને આગળ જાય તો શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે એમ બધું સમજવા માટે છે. પણ એ વ્યવહાર કાંઈ અંદર જે ભેદવાળું છે એ અંદર સ્વરૂપમાં લક્ષણ ભેદે ભેદ છે પણ વાસ્તવિક તો ભેદ નથી. એટલે અંદર શાંતિ તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકીને અંદર સાધના કરે તો શાંતિ થાય એમ છે. એમ કહેવું છે.

પ્રશ્ન :- ઝાઝો ભાગ તો વ્યવહાર કથનોનો છે.

ઉત્તર :- લોકો પણ વ્યવહારમાં જ પડેલા છે જીવો અનાદિકાળથી. એટલે એને વ્યવહારથી કહેવામાં, ભેદથી કહેવામાં આવે તો સમજે છે. આત્મા અભેદ છે, આત્મા અનંતગુણથી ભરેલો છે, શુદ્ધાત્મા છે એમ કીધા કરીએ તો એ કાંઈ એને દેખાતું નથી અને સમજમાં આવતું નથી. એટલે વ્યવહારના જે કથનો છે એ એને સમજમાં આવે છે. એટલે વ્યવહારના કથનો ઝાઝા છે, સમજવા માટે છે. એમાં ઝાઝા આવે છે. પરિણામને ઓળખે કે આ બધા પરિણામ થાય છે, આ નિમિત્તો છે, આ બધું છોડવા જેવું છે, ભેદજ્ઞાન કરવા જેવું છે એમ બધું કહેવામાં આવે તો એ સમજે છે. અંદર તું આત્મા છો એમ માત્ર કહે તો એ કાંઈ સમજતો નથી.

શાસ્ત્રમાં આવે છે ને કે તું આત્મા છો. સ્વસ્તિ એમ શાસ્ત્રમાં આવે છે. એમ અર્થ સમજીને તારું અવિનાશી કલ્યાણ કર. તું આત્મા છો એમ સમજે નહિ. એટલે પછી એને ભેદ પાડીને કહેવાય છે દર્શન-જ્ઞાન-ચારિત્ર જેમાં હોય એને પ્રાપ્ત થયા તે આત્મા. એમ ભેદ પાડીને કહેવું પડે છે. માટે ભેદ વગર એ સમજતો નથી. માટે વ્યવહારના કથનો ઝાઝા આવે છે. નિશ્ચયના કથનો ઓછા આવે છે. પણ શાંતિ તો એને પરમાર્થથી જ થાય છે. શાંતિ કાંઈ ભેદમાં રોકાવાથી થતી નથી. ભેદ તો સમજવા માટે છે.

પ્રશ્ન :- વ્યવહારનું એક જ પ્રયોજન છે પરમાર્થ તરફ લઈ જવું? એ સિવાય બીજું કાંઈ પ્રયોજન છે?

ઉત્તર :- પરમાર્થ તરફ લઈ જવું. વચ્ચે વ્યવહાર આવે છે એ જાણવા માટે છે. જાણે તો આગળ જાય. જાણે નહિ તો આગળ કેમ જાય? યથાર્થ જ્ઞાન કરવા માટે છે, જાણવા માટે છે કે આ પર્યાય છે, નિમિત્ત છે, ભેદ છે, વચ્ચે સાધકદશા આવે છે. બધું જાણવા માટે છે, યથાર્થ જ્ઞાન કરવા માટે છે. અને એ જ્ઞાન યથાર્થ કરે તો એને હું શુદ્ધાત્મા છું એમ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે, પુરુષાર્થ કરે, સાધકદશા વચ્ચે આવે છે એ બધું જ્ઞાન કરવા માટે છે. સમજે તો આગળ જાય ને.

પુરુષાર્થ ઊપડે એ બધું વ્યવહારથી સમજવા માટે છે, જાણવા માટે છે. પુરુષાર્થ અંદર થાય તે પણ વ્યવહાર છે. ભગવાન પૂર્ણ થઈ ગયા એને પુરુષાર્થનો વ્યવહાર પણ લાગુ પડતો નથી. પુરુષાર્થ થાય તે પણ વ્યવહાર છે. સાધકદશા છે તે પણ વ્યવહાર છે. સમજવા માટે છે, પુરુષાર્થ ઉપાડવા માટે છે, જ્ઞાન કરવા માટે છે. પુરુષાર્થ સાધકદશા દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્નત્રયની આરાધના કરે એ પણ વ્યવહાર છે. આરાધના કરવા માટે છે. એકલું જાણવા માટે એટલે કે સમજવા માટે નહિ. યથાર્થ જ્ઞાન કરવા માટે, પુરુષાર્થ ઉપાડવા માટે. પુરુષાર્થ કરે તે પણ વ્યવહાર છે. બધો વ્યવહાર છે. જ્ઞાન કરે એમાંથી એમ સમજવાનું છે કે વ્યવહાર છે. નથી એમ નથી. એક શુદ્ધાત્મા છે પણ એની સાથે પર્યાય છે. એ અશુદ્ધ પર્યાય થઈ છે અને શુદ્ધ પર્યાય થાય છે.

***

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ પ્રવચન...)

મને આમ જોવે તો સારું. બીજાનો એને બહુ (વાંધો નથી) - અજાણ્યાનો એને કાંઈ વાંધો નથી. (પણ) જે લોકો મને જાણે છે, એ મને આમ જાણે છે, આવો મને સારો જાણે છે, ઠીક જાણે છે, એમાં ફેરફાર ન થાય તો સારું, એમ તો છે કે નહિ? જાણ્યે- અજાણ્યે પણ એ વાત પડી છે કે નથી પડી? આ એને લોકસંજ્ઞા કહે છે.

બધાંને સારું લગાડવાનો તો એ શક્ય એટલો પ્રયત્ન કરે છે પણ એમાં એની મર્યાદા છે. એમાં એ પૂરો પહોંચી ન વળે (કેમકે) કોઈને ખરાબ લગાડવાનો પ્રસંગ પણ આવે, પણ છતાંય તે સામાન્યપણે એની આ એક અભિપ્રાયની સ્થિતિ છે. એના વિચારેલા કે વણવિચારેલા અભિપ્રાયની સ્થિતિ છે કે જે મને જાણે છે એમાં મારું જે સ્થાન છે એ ટકી રહે અને જળવાઈ રહે તો સારું, અને એ સ્થાનમાંથી હું ડિગ્રેડ ન થાઉં તો સારું. લોકોની દૃષ્ટિમાંથી ડિગ્રેડ ન થાઉં તો સારું, એ સ્થાનમાં હું આગળ વધું અને લોકો મને વધારે ને વધારે સારો ગણતાં જાય, એ તો એ ઈચ્છે જ છે. જીવની આ સ્થિતિ પડી છે. એને જ્ઞાનીઓએ 'લોકસંજ્ઞા' કહી છે.

એ લોકસંજ્ઞામાં અનંતાનુબંધીના ચારે કષાય પડ્યાં છે. અને જીવને એ દુઃખનું, મહાદુઃખનું, અનંત દુઃખનું, અનંત પરિભ્રમણનું કારણ છે. એ મોટી વિપત્તિ છે. અંદરમાં સ્વરૂપનું ભાન રહેવું (કે) જેમાં લોકસંજ્ઞાનો અભાવ છે, એને અહીંયા 'સ્મરણ' શબ્દ વાપર્યો છે. અંતર સાવધાની છે, એ જીવની ખરેખર સાચી સંપત્તિ છે અને એ લોકાગ્રે પહોંચવાનો માર્ગ છે. એ સિદ્ધપદમાં પહોંચવાનો માર્ગ છે. અહીં સુધી રાખીએ.



## ‘દ્રવ્યદષ્ટિ પ્રકાશ’માંથી દષ્ટિનું પરિણમન અને દષ્ટિનો વિષય સંબંધિત વચનામૃતો

‘સ્વભાવ’ સાવધાન સ્વરૂપ છે. પર્યાયમાં સાવધાની થવાથી સ્વભાવ પકડવામાં આવતો નથી. (૫૯૧)

***

‘હું ત્રિકાળી અપરિણામી છું,’ પરિણામ માત્ર ગૌણ છે, વર્તમાનમાં આવો નિશ્ચય હોવો જોઈએ. ધ્રુવસ્વભાવ સદા પ્રસિદ્ધ છે; ઉત્પાદ-વ્યયના કાળમાં જુદો પ્રગટ છે. (સ્વભાવની) દષ્ટિ પ્રતિસમય પર્યાયને ગૌણ કરે છે. (૫૯૪)

***

ત્રિકાળીમાં વિકાર-અવિકાર કાંઈ નથી. (તે તો જેવું છે તેવું છે.) (૬૦૬)

***

‘વર્તમાનમાં જ અક્રિય-અપરિણામી છું,’ અર્થાત્ કોઈ ક્રિયા કરવાનો અભિપ્રાય નથી. કાંઈ કરું... કરુંમાં સ્વયં પરિણમતા પરિણામને કરવાનો અભિપ્રાય રહે છે. (જે મિથ્યા છે.) (૬૦૮)

***

એક બાજુ ત્રિકાળીનું છાબડું (પલ્લું), અને બીજી બાજુ ક્ષણિકનું છાબડું (પલ્લું); જેમ એક બાજુ માલ, અને બીજી બાજુ બારદાન; મહત્તા માલની છે, બારદાનની નહિ. (૬૧૭)

***

‘હું પરિણામથી શૂન્ય છું’ એવું જોર આવવું જોઈએ. (૬૨૫)

***

‘મારી’ ભૂમિ વર્તમાનમાં એટલી નિષ્કંપ અને નક્કર (ઠોસ) છે કે જેથી ‘હું’ વર્તમાનમાં જ નિર્ભય છું, નિરાવલંબી છું, પરિપૂર્ણ છું, નિષ્ક્રિય છું, સુખસ્વરૂપ છું, કૃતકૃત્ય છું, ત્રિકાળ એકરૂપ છું, અચળ છું. (૬૨૭)

***

એક પલ્લામાં (છાબડામાં) આત્મા, અને બીજા પલ્લામાં (છાબડામાં) ત્રણકાળ, ત્રણલોક; તોપણ આત્માવાળું પલ્લડું (ભારથી) બેસી જાય છે, અને બીજું પલ્લું ઉલળી જાય છે. (૬૨૯)

***

‘હું તો અત્યારે સિદ્ધ છું,’ ચૌદમું ગુણસ્થાન થશે અને પછી સિદ્ધાલયમાં જવાનું થશે, ક્ષેત્રાંતર વગેરે થશે; પરંતુ તે બધાં કાર્યો પર્યાયમાં થશે. પર્યાયનાં કાર્યો પર્યાયમાં થાય છે, ‘મારા’માં નહિ. ‘હું’ તો અત્યારે જ સિદ્ધાલયમાં બેઠો છું! ક્યારેય ક્યાંય આવ્યો પણ નથી, ગયો પણ નથી. (૬૩૭)

***




પત્રાંક-૨૩૯

મુંબઈ, ચૈત્ર વદ ૭, ગુરુ, ૧૯૪૭

'આપ્યું સૌને તે અક્ષરધામ રે'

ગઈ કાલે એક કૃપાપત્ર મળ્યું હતું. અત્ર પરમાનંદ છે.

જોકે ઉપાધિસંયુક્ત કાળ ઘણો જાય છે, ઈશ્વરેચ્છા પ્રમાણે વર્તવું શ્રેયસ્કર છે અને યોગ્ય છે, એટલે જેમ ચાલે છે તેમ ઉપાધિ હોત તો ભલે, ન હો તોપણ ભલે, જે હોય તે સમાન જ છે.

જ્ઞાનાવર્તા સંબંધી અનેક મંત્ર આપને જણાવવા ઈચ્છા થાય છે; તથાપિ વિરહકાળ પ્રત્યક્ષ છે, એટલે નિરુપાયતા છે. મંત્ર એટલે ગુપ્તભેદ. એમ તો સમજાય છે કે ભેદનો ભેદ ટળ્યે વાસ્તવિક સમજાય છે. પરમ અભેદ એવું 'સત્' સર્વત્ર છે.

વિ. રાયચંદ

***

૨૪૦

મુંબઈ, ચૈત્ર વદ ૯, રવિ, ૧૯૪૭

ગઈ કાલે પત્ર અને પરમ પૂજ્ય શ્રી સોભાગભાઈનું પત્તું સાથે મળ્યું.

વિનયભર્યો કાગળ સહર્ષ તેમને તમે લખજો. વિલંબ થયાનું કારણ સાથે જણાવજો. સાથે જણાવજો કે રાયચંદે આ વિષે બહુ પ્રસન્નતા દર્શાવી છે.

હાલ મને મુમુક્ષુઓનો પ્રતિબંધ પણ જોઈતો નહોતો, કારણ કે મારી તમને પોષણ આપવાની હાલ અશક્યતા વર્તે છે. ઉદયકાળ એવો જ છે. માટે સોભાગભાઈ જેવા સત્પુરુષ પ્રત્યેનો પત્રવ્યવહાર તમને પોષણરૂપ થશે. એ મને મોટો સંતોષનો માર્ગ મળ્યો છે. તેમને પત્ર લખશો. જ્ઞાનકથા લખશો તો હું વિશેષ પ્રસન્ન છું.

***

૨૪૧

મુંબઈ, ચૈત્ર વદ ૧૪, ગુરુ, ૧૯૪૭

જેને લાગી છે તેને જ લાગી છે અને તેણે જ જાણી છે; તે જ 'પિયુ પિયુ' પોકારે છે. એ બ્રાહ્મી વેદના કહી કેમ જાય? કે જ્યાં વાણીનો પ્રવેશ નથી. વધારે શું કહેવું? લાગી છે તેને જ લાગી છે. તેના જ ચરણસંગથી લાગે છે; અને લાગે છે ત્યારે જ છૂટકો હોય છે. એ વિના બીજો સુગમ મોક્ષમાર્ગ છે જ નહીં. તથાપિ કોઈ પ્રયત્ન કરતું નથી! મોહ બળવાન છે!

***

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ડિસેમ્બર-૨૦૨૦)નું શુલ્ક**
**સ્વ. શ્રી શિવલાલજી મગનલાલજી સિંઘવી, ડબોક (ઉદયપુર),**
**હ. શ્રી સુમતિલાલ શિવલાલ શાહ, યુ.એસ.એ. તરફથી સાભાર પ્રાપ્ત થયું છે,**
**જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**